# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 24-04-2025 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## ગુજરાતના પ્રવાસ માટે હેલ્પ લાઈન નંબર:

જમ્મુ કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકી હુમલાના પગલે ત્યાં પ્રવાસમાં ગયેલા ગુજરાતના પરિવારોની સુરક્ષા અને સલામતી માટે રાજ્ય સરકારે સ્ટેટ ઇમર્જન્સી ઓપરેશન સેન્ટર ખાતે બે હેલ્પલાઇન નંબર શરૂ કર્યા છે.

યાત્રિકો અને તેમના પરિવારજનો લેન્ડલાઈન નંબર 079-23251900 અને મોબાઈલ નંબર 99784 05304 પર સંપર્ક કરીને સુરક્ષા વિષયક બાબતો અને ગુજરાત પરત ફરવા અંગે સંકલન સાધી શકશે, તેમજ જરૂરી મદદ મેળવી શકાશે.

રાજ્યના બધા પ્રવાસીઓ હેમખેમ વતનમાં પરત ફરે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ અનુસાર રાજ્ય સરકાર જરૂરી વ્યવસ્થાઓ કરી રહી છે.

---

## જિલ્લામાં સુરક્ષાના કડક પગલાં :

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની ઘટનાને પગલે કચ્છ જિલ્લામાં પણ સુરક્ષાના કડક પગલાં લેવામાં આવી રહ્યા છે. રાપર તાલુકા અને ખડીર વિસ્તારમાં આંતરરાષ્ટ્રીય સરહદ નજીક 24 કલાક પોલીસ પેટ્રોલિંગ ગોઠવવામાં આવ્યું છે. ધોળાવીરા બોર્ડરથી આવતા જતા વાહનોની ખડીર પોલીસ દ્વારા સઘન તપાસ હાથ ધરાઈ છે. ઉપરાંત, કચ્છના મુખ્ય પ્રવેશદ્વાર આડેસર ખાતે વિશેષ તકેદારી રાખવામાં આવી રહી છે. આડેસરથી રાજસ્થાન, દિલ્હી, પંજાબ સહિત 16 રાજ્યોના વાહનોની અવરજવર થાય છે ત્યારે આંતર રાજ્ય અને આંતર જિલ્લાની એસટી બસ તથા લક્ઝરી બસોની પણ ચકાસણી કરવામાં આવી રહી છે. આડેસર પોલીસ મથક

હેઠળના મોમાયમોરા, વરણુ, વાછળા, દાદારણ અને અન્ય રણ વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવવામાં આવી છે.

તો બીજી બાજુ, કંડલા, મુંદ્રા, લખપત, ગાંધીધામ અને ભુજ જેવા ઔદ્યોગિક વિસ્તારોમાં જતા માલવાહક વાહનોની પણ સઘન તપાસ કરવામાં આવી રહી છે.

---

## કામધેનુ યુનિવર્સિટી:

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં આજે કામધેનુ યુનિવર્સિટીનો પદવીદાન સમારોહ યોજાયો.

આ પ્રસંગે કામધેનુ યુનિવર્સિટીના 742 વિદ્યાર્થીઓને પદવી અને 105 વિદ્યાર્થીઓને ચંદ્રક એનાયત કરવામાં આવ્યા હતા.

---

## માર્ગ અકસ્માત:

જિલ્લામાં આજે સવારે બે અલગ અલગ માર્ગ અકસ્માત સર્જાયા છે. સામખિયાળી-રાધનપુર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર મેવાસા પાટિયા નજીક થયેલા અકસ્માતમાં કેમિકલ ભરેલા ટ્રેલરના ડ્રાઈવરે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા પલટી ગયું હતું. ગાંધીધામથી રાધનપુર તરફ જતા આ ટ્રેલરમાંથી કેમિકલ 50 મીટર સુધી માર્ગ પર ફેલાઈ જતાં વાહન વ્યવહાર ખોરવાયો હતો. હાઇવે પેટ્રોલિંગ ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ટ્રાફિક નિયંત્રણમાં લીધો હતો. અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી.

બીજો અકસ્માત ભુજના ખાવડા માર્ગે બન્યો હતો. ખાવડાથી કોટડા ચેકપોસ્ટ તરફ જતો મુસાફરો ભરેલો મિની ટેમ્પો પલટી જતાં તેમાં આગ લાગી હતી. આ ઘટનામાં એક વ્યક્તિને ઈજા થઈ છે, પરંતુ કોઈ જાનહાનિ થઈ નથી. ઉલ્લેખનીય છે કે, ભુજથી ખાવડા માર્ગે અકસ્માતની ઘટનાઓમાં છેલ્લા કેટલાક સમયથી નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે.

---

## રસીકરણ સપ્તાહ:

કચ્છમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા વિશ્વ રસીકરણ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે આજથી 30 એપ્રિલ સુધી વિવિધ કાર્યક્રમો હાથ ધરાયા છે. જે અંતર્ગત બાળકોને ૧૧ ગંભીર રોગથી રક્ષણ આપવા માટે અગત્યની રસીઓ આપવામાં આવશે.

આજે બાળકોનું ખીલખીલાટ વાહન દ્વારા રસીકરણ કરવામાં આવ્યું હતું. 26મી એ 9 મહિનાથી ૫ વર્ષ સુધીના તમામ બાળકોને ઓરી અને રૂબેલાની રસી અપાશે તથા 30 એપ્રિલના મમતા દિવસ નિમિતે સગર્ભા માતાઓનું રસીકરણ કરવામાં આવશે.

આ રીતે રસીકરણથી વંચિત રહી ગયેલા બાળકો અને સગર્ભા માતાઓનું રસીકરણ વિશ્વ રસીકરણ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે કરવામાં આવશે. કાર્યક્રમના આયોજનની વિગતો નજીકના આશાબહેનો, આંગણવાડી  કાર્યકર અથવા એ.એન.એમ.નો સંપર્ક કરી મેળવી શકાશે તેમ આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત કચ્છ દ્વારા જણાવાયું છે.

---

## આઈ-ખેડૂત પોર્ટલ:

વર્ષ ૨૦૨૫-૨૬ માટે ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓનો ખેડૂતો લાભ લઈ શકે તે માટે આઈ-ખેડૂત પોર્ટલ આજથી આગામી ૧૫ મી મે સુધી ખુલ્લું મૂકવામાં આવ્યું છે. ખેડૂતોએ પોર્ટલ ઉપર નોંધણી કરાવીને સંબંધિત યોજનાકીય લાભ લેવા માટે નિયત સમય મર્યાદામાં અરજી કરવા જિલ્લા ખેતીવાડી અધિકારી કિરણસિંહ વાઘેલા દ્વારા જણાવાયું છે.

આઈ ખેડૂત પોર્ટલની નવીન સંસ્કરણની વેબસાઈટમાં હવે ખેડૂતોએ પહેલા નોંધણી કરાવવાની રહેશે. ત્યારબાદ જ કોઈપણ યોજનાકીય સહાય માટે અરજી કરી શકાશે. પોર્ટલ પર અરજી કરવાની સમય મર્યાદા પૂર્ણ થયા બાદ તમામ અરજીઓનો જિલ્લા/તાલુકા કક્ષાએથી ડ્રો કરવામાં આવશે અને અગ્રતા યાદી તૈયાર કરવામાં આવશે.

---

# શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો પ્રાગટ્ય ઉત્સવ:

પુષ્ટિ સંપ્રદાયના પ્રસ્થાપક શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો આજે પ્રાગટ્ય ઉત્સવ છે. તેમનો જન્મ સંવત **1478,** ચૈત્ર વદ અગિયારસ વરૂથીની એકાદશીના દિને ચંપારણ્ય ખાતે થયો હતો. આ નિમિત્તે ભુજમાં ગોવર્ધન નાથજીની હવેલી ખાતે આજે દિવસ દરમ્યાન વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા છે, જેનું હવે સમાપન થશે

---

# IPL:

**IPL T20** ક્રિકેટમાં**,** આજે યજમાન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુનો મુકાબલો રાજસ્થાન રોયલ્સ સામે એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે થશે. મેચ સાંજે **7:30** વાગ્યે થશે.

---